| | |
|---|---|
| રજુ તારીખ | ૦૨/૦૪/૨૦૦૮ |
| દાખલ તારીખ | ૦૨/૦૪/૨૦૦૮ |
| ફેંસલ તારીખ | ૧૧/૦૪/૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ : ૧૭ માસ: ૦૦ દિન:૦૯ |

**મે. મજૂર અદાલત, અમદાવાદના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી**
**વી.બી.ચૌહાણ સાહેબ સમક્ષ**

**રેફરન્સ(ટી) કેસ નં.૨૬૦/૨૦૦૮**
**આંક–પર**

**પ્રથમ પક્ષકાર:** **જે.ડી.એસ. કાસ્ટીંગ પ્રા.લી.,**
૧, એલાઈડ એસ્ટેટ, સોનીયા સીરામીકની પાછળ,
અનિલ સ્ટાર્ચ મીલ રોડ, નરોડા રોડ, અમદાવાદ

**– : : વિરૂધ્ધ – ::**

**બીજા પક્ષકાર :** **શ્રી વિનોદભાઈ લલ્લુભાઈ રૈદાસ,**
ઠે. પરિહારનગર, ગલી નં.૧, ભગવતી સ્કુલ પાસે,
વિધાનગર, પો.કુબેરનગર, અમદાવાદ
C/o.રાષ્ટ્રીય લેબર યુનિયન,
૭, ફોજદારની જુની ચાલી, મેમ્કો પાવર હાઉસ સામે,
સૈજપુર બોઘા, અમદાવાદ

**હાજર રહ્યા :**

| | | |
|---|---|---|
| પ્રથમ પક્ષકાર તરફે | : | શ્રી ડી.એન.શાહ |
| બીજા પક્ષકાર તરફે | : | શ્રી એસ.બી.ચૌધરી |

**–:: એ વો ર્ડ::–**

(૧) સદર કામના બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા કે કેમ? તેના ન્યાય નિર્ણય સારૂ સદરહુ રેફરન્સ મદદનીશ મજુર કમિશનર, અમદાવાદના તા.૦૫/૦૩/૨૦૦૮ ના હુકમ ક્રમાંક: નાશ્રઆ/અવિ/જ્જર/૦૭/૧૩૫૩/૦૮ થી મજુર અદાલત, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ ત્યાર

બાદ યોગ્ય ઓથોરીટીના વખતો વખતના હુકમોથી સદરહુ રેફરન્સ અત્રેની અદાલતને તબદીલ કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી સામાવાળા/સંસ્થા તરીકે અને બીજા પક્ષકારને અરજદાર/કામદાર તરીકે સંબોધવામાં આવશે.

(૩) આ કામે આંક–૩ થી અરજદાર તરફે વિ.પ્રતિનિધિશ્રી એસ.બી.ચૌધરીનુ અધિકારપત્ર રજુ થયેલ છે. તેમજ તેઓએ આંક–૪ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, સામાવાળા સંસ્થાનુ મુખ્ય કાર્યાલય તથા ફેકટરી અમદાવાદ શહેરમાં આવેલ છે. સંસ્થામાં કુલ મળીને ૧૫૦ થી વધુ કામદારો કાયમી ધોરણે તેઓની નોકરીની ફરજો બજાવતા આવ્યા છે. સામાવાળા સંસ્થા ફાઉન્ડરી અને એન્જીનીયરીંગ ઉદ્યોગમાં રોકાયેલ યુનિટ છે. સામાવાળા સંસ્થાનો વહીવટ શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી ગાંડાલાલ પટેલ વગેરે કરતા આવ્યા છે. અરજદારને સામાવાળાએ નોકરીમાં રાખેલા અને તેઓને દરરોજ કામ કરવાની સુચના તથા પગારની ચુકવણી પણ તેઓ જ કરતા હતા. તેઓને શ્રમ કલ્યાણ કાયદાઓ અન્વયે મળવાપાત્ર હકકો લાભો ન આપવા પડે તેવા બદઈરાદાથી અરજદાર નોકરીમાં દાખલ થયા ત્યારથી જ તેમની હાજરીઓ અમુક વખતે કાચા પત્રકોમાં પુરી તેમનુ નામ નોકરીની શરૂઆતથી અમુક વખતે તેઓની સંસ્થાના હાજરી–પગારપત્રકો વગેરેમાં ચઢાવેલ પરંતુ મોટા ભાગે તેમનુ નામ સંસ્થાના જરૂરી રેકર્ડસમાં દાખલ કર્યા વગર ઓફ ધી રેકર્ડસ કામગીરી લઈ તેમની પાસેથી રેવન્યુ ટીકીટ લગાડેલ રકમ ભર્યા વગરના કોરા વાઉચરો, કોરી સ્લીપો, કોરા પત્રકો, કોરા કાગળો વગેરે દસ્તાવેજોમાં સહીઓ લઈ મળવાપાત્ર લઘુતમ વેતનથી ઓછી રકમ ચુકવી તેમનુ ખૂબ જ શોષણ કરેલ છે. સામાવાળા સંસ્થાને વિવિધ શ્રમ કલ્યાણ કાયદાઓ જેવા કે ધી આઈ.ડી.એકટ, સ્ટેન્ડીંગ ઓર્ડસ, ફેકટરી એકટ, મિનિમમ વેજીસ એકટ, શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ એકટ, પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટ તથા અન્ય શ્રમ કલ્યાણ કાયદાઓની જોગવાઈઓ કાયદેસર રીતે લાગુ પડે છે. અરજદાર સામાવાળા સંસ્થામાં ૫ વર્ષથી વધુ સમય સુધી કાયમી કામદાર તરીકે ભઠ્ઠી ખાતામાં કપોલા ભઠ્ઠી ઉપર હેલ્પર તરીકે દૈનિક રૂા.૬૦/– લેખેના હિસાબે ગણી માસિક પગાર મેળવી દર વર્ષે ૨૪૦ દિવસોથી વધુ દિવસો કામગીરી કરી

તેમની નોકરીની ફરજો ખૂબ જ ખંત, નિષ્ઠા, વફાદારીપૂર્વક બજાવેલ છે. સામાવાળાને ત્યા ફરજ દરમ્યાન તેઓએ કયારેય કોઈ બેદરકારી કે અનિયમિતતા દાખવેલ નથી કે કોઈ ગુનો કરેલ નથી કે ગુનો કરવાનો ઈરાદો પણ ધરાવતા નથી. સામાવાળાને તેઓની કામગીરીથી ખૂબ જ સંતોષ હતો. સામાવાળા તરફથી કામ બાબતે તેઓને કયારેય કોઈ ઠપકો, મેમો, ચેતવણી કે નોટીસ મળેલ નથી. તે રીતે તેમનો સર્વિસ રેકર્ડ તદ્દન ચોખ્ખો અને નિષ્કલંક હતો. સામાવાળા સાથે તેઓને માલીક અને નોકર તરીકેનો સંબંધ હતો. અરજદાર નોકરી માં દાખલ થયા ત્યારથી જ તેમની પાસેથી દરરોજ સવારના ૮:૦૦ વાગ્યાથી લઈ રાતના ૧૦:૦૦ વાગ્યા સુધી સતત અને સળંગ ૧૪ કલાકથી વધુ એકધારી કાયમી પ્રકારની કામગીરી લીધેલ છે. લીધેલ ઓવરટાઈમ કામનુ કયારેય કોઈ પગાર આપેલ નથી. તેઓને વિવિધ શ્રમ કલ્યાણ કાયદાઓ અન્વયે મળવાપાત્ર પ્રસ્થાપિત હકક લાભો જેવા કે હાજરી કાર્ડ, હકકરજાકાર્ડ, ઓળખકાર્ડ, પગારસ્લીપ, લઘુતમ વેતન મુજબ પગાર, બોનસ, કાયદેસરની રજાઓ, ઈ.એસ.આઈ., પ્રોવિડન્ટ ફંડ,ગ્રુપ ઈન્સ્યોરન્સ વગેરે જેવા અધિકારો ની વારંવાર માંગણીઓ કરવા છતાં કયારેય આપેલ નથી તથા તેમની સાથે ભેદભાવવાળી નીતિ અપનાવી પૂર્વગ્રહ રાખી મળવાપાત્ર હકકો લાભોની માંગણીઓ કરતા વિશ્વાસ અને પાકો ભરોસો આપી આ વખતે આપીશુ આવતા મહીને આપીશુ તુ કામ કરતો જા તને બધા હકકો લાભો એક સામટા જ આપી દઈશુ તેમ જણાવી ફકત આશ્વસનો આપી સમય પસાર કરેલ છે. અરજદાર ખૂબ જ ગરીબ, સામાજીક, આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત એવા નબળા વર્ગના દબાયેલા, કચડાયેલા, મુંઝાયેલા, અભણ વ્યકિત છે. સામાવાળા પાસેથી તેઓએ કરેલ ઓવરટાઈમ કામનો પગાર, મળવાપાત્ર કાયદેસરની રજાઓ, બોનસ, અઠવાડીક રજાઓના દિવસો દરમ્યાન કરેલ કામનો પગાર તથા અન્ય હકક અધિકારો તથા તે અન્વયેની લેણી રકમની વારંવાર વધુ માંગણીઓ કરતા સામાવાળા સંસ્થામાં તેઓને તા.૨૧/૦૭/૨૦૦૬ ના રોજ થયેલ અકસ્માતથી આવેલ ઈજાઓની દવા અને સારવાર અંગે થયેલ ખર્ચના નાણાની વારંવાર વધુ માંગણીઓ કરતા સામાવાળા તેમના ઉપર એકાએક ઉશ્કેરાઈ ગયેલ અને તેઓને અગાઉથી કોઈ લેખિત નોટીસ, નોટીસ પગાર કે હકકો અધિકારોની લેણી થતી રકમ આપ્યા વગર કે તેમની વિરૂધ્ધ કોઈ ઈન્કવાયરી કર્યા

વગર કે કોઈ પણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી કર્યા વગર તા.૧૦/૦૮/૨૦૦૭ ના રોજ થી માત્ર મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ છે. ત્યારબાદ અરજદાર અવારનવાર સામાવાળાને ત્યા નોકરીમાં રહેવા ગયેલા પણ તેઓને કામે રાખેલ નથી. જેથી તેઓને નોકરીમાં પુન:સ્થાપિત કરવા તા.૩૧/૦૮/૨૦૦૭ ના રોજ તેમના અંગુઠા નિશાનીથી સામાવાળાને રજી.પો.એ.ડી. ધ્વારા નોટીસ મોકલાવેલ તે સામાવાળાને મળી ગયેલ હોવા છતાં તેઓને નોકરીમાં પુન:સ્થાપિત કરેલ નહી કે નોટીસનો પણ કોઈ જવાબ આપેલ નહી. જેથી તેઓએ પડેલા દિવસોના પુરા પગાર સહ પુન:સ્થાપિત કરાવવા મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદ સમક્ષ આઈ.ડી.આર. ફરીયાદ નં.૪૪૨/૨૦૦૭ ફાઈલ કરેલ તેની સુનાવણી દરમ્યાન કન્સીલેશન કાર્યવાહીમાં સામાવાળા તરફથી કોઈ હાજર રહેલ નહી કે તેમની સાથે કોઈ સમાધાન પણ કરેલ નથી. તેઓએ બીજી ઘણી જગ્યાએ નોકરી માટે શોધ અને પુષ્કળ પ્રયત્નો કરેલ પણ તેઓને કયાંય નોકરી મળેલ નથી. સામાવાળાને ત્યા તેઓ જે કામગીરી કરતા હતા તે આજે પણ ચાલુ છે. સામાવાળાએ તેમની જગ્યાએ બીજા નવા લાગવગીયા વ્યકિતને કામે રાખી કામગીરી કરાવે છે. તેઓ બેકાર છે. તેમનુ ગુજરાન સગાવહાલાઓ અને તેમના પરિવારના અન્ય વ્યકિતઓ ધ્વારા થઈ રહેલ છે. સામાવાળા જો તેઓને નોકરીમાં પુન:સ્થાપિત કરવા તૈયાર થાય તો પડેલા દિવસોના પગારનો વિવાદ ઉપસ્થિત રાખીને તથા તેમની નોકરીના હકક હિત અને લાભોને કોઈ નુકશાન ન થાય અને તેમના કેસની હકીકતોને કોઈ બાધ ન નડે તે રીતે હકક અબાધીત રાખીને તેઓ જવા તૈયાર છે. અરજદાર ભારત દેશના નાગરીક છે અને આ કેસ સમય મર્યાદામાં દાખલ કરેલ છે. વધુ માં અરજદાર દાદ માંગતા જણાવે છે કે, સામાવાળાનુ તેઓને તા.૧૦/૦૮/૨૦૦૭ ના રોજ માત્ર મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરવાનુ કૃત્ય તદ્દન ગેરકાયદેસર, ગેરવાજબી, અયોગ્ય, અન્યાયી, મનસ્વી, જુલમી, બદઈરાદાવાળુ, અનફેવર લેબર પ્રેકટીસનુ, વિકટીમાઈઝ કરવાનુ હોવા ઉપરાંત ધી આઈ.ડી.એકટ-૧૯૪૭ ની કલમ-૨૫(જી) (એચ) તથા (એફ) ની તથા ધી આઈ.ડી. ગુજરાત રૂલ્સ-૧૯૬૬ ના રૂલ-૮૧ ની તથા ભારત સંઘના બંધારણ અને વહીવટી નિયમોની જોગવાઈઓનુ છડે ચોક ભંગ કરનાર, ગેરબંધારણીય તથા કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનુ તેમ જાહેર કરી ઠરાવવા તથા

સામાવાળાએ અરજદારને નોકરીમાંથી છુટા કરેલ તારીખથી પડેલા દિવસોના પુરા પગાર સહ: મુળ જગ્યાએ સળંગ સર્વિસથી આનુષાંગિક લાભો સહિત નોકરીના સાતત્ય સાથે પુન:સ્થાપિત કરે તેવો ન્યાયના હીતમાં હુકમ ફરમાવવા તેમજ ધી આઈ.ડી.એકટની કલમ –૧૧(૩)(૭) તથા (૮) અન્વયેની સત્તાનો સદઉપયોગ કરી રેફરન્સના કામે તેઓને થયેલ કુલ ખર્ચ પેટેની રકમ રૂા.૧૧,૦૦૦/– સામાવાળા પાસેથી વસુલ અપાવવા અરજ કરેલ છે.

(૪) આ કામે આંક–૬ થી બેલીફશ્રી ધ્વારા સામાવાળાને નોટીસની બજવણી કરવામાં આવતા તેઓને નોટીસ બજી ગયેલ છે. જેથી સામાવાળા તરફે આંક–૭ થી વિ.વ.શ્રી ડી.એન.શાહ નુ વકીલાતનામુ રજુ થયેલ છે. તેમજ તેઓ આંક–૯ થી લેખિત જવાબ આપતા જણાવે છે કે, અરજદારે સામાવાળા સંસ્થામાં કુલ–૯ દિવસ જ નોકરી કરેલ છે. તેમ છતાં તેમને અકસ્માત બાદ ઈ.એસ.આઈ. ના લાભો સંસ્થાએ અપાવેલ છે. અરજદારનો ઈ.એસ.આઈ. નં.૪૫૪૪૫૧૨ હતો. અરજદારનો થયેલ અકસ્માત અંગે જરૂરી કાર્યવાહી કરી સંસ્થાએ એકસીડન્ટ ફોર્મમાં સાચી માહીતિ ભરીને ઈ.એસ.આઈ. કચેરીમાં મોકલી આપેલ. ત્યાર બાદ અરજદાર કયારેય નોકરીમાં ફરજ બજાવવા આવેલ જ નથી. અરજદાર ધ્વારા તા. ૩૧/૦૮/૨૦૦૭ ની સંસ્થાને આપેલ નોટીસનો તા.૦૩/૧૦/૨૦૦૭ ના રોજ રજી.એ. ડી. થી પોસ્ટ ધ્વારા જવાબ આપેલ છે જે ટપાલ નોટ નન ના શેરા સાથે બજયા વગર પરત આવેલ છે. અરજદાર સૌપ્રથમવાર તા.૧૧/૦૭/૨૦૦૬ ના રોજ હંગામી ધોરણે હેલ્પર તરીકે નોકરીમાં દાખલ થયેલા અને જુલાઈ–૨૦૦૬ ના માસમાં માત્ર ૯ દિવસ જ હંગામી ધોરણે નોકરી કરેલ છે. દૈનિક રૂા.૯૩/– મુજબ તેમનો રૂા.૮૩૭/– પગાર થતો હતો તેમાંથી ઈ.એસ.આઈ. ના રૂા.૧૫/– ની કપાત કરી રૂા.૮૨૨/– રોકડા તા.૮/૮/૨૦૦૬ ના રોજથી ચુકવી આપેલ છે. જે તેઓએ કોઈ પણ વાંધા કે તકરાર વગર પગારપત્રકમાં અંગુઠો કરી મેળવી લીધેલ છે. તા.૨૧/૦૭/૨૦૦૬ ના રોજ થયેલ અકસ્માત બાદ નોકરી માં આવેલ જ નથી ત્યારબાદ માત્ર પગાર લેવા આવેલ ત્યારે પણ તેમણે નોકરી કરવાની ઈચ્છા, ઈરાદો કે તૈયારી બતાવેલ નહી અને બીજે નોકરી કરે છે તેમ બતાવી અરજદાર ચાલ્યા ગયેલ. ઘણા સમય સુધી નોકરી પર આવવા કોઈ કેસ, ફરીયાદ, નોટીસ કે

કાર્યવાહી કરેલ ન હતી. માત્ર સંસ્થાને ખોટી રીતે દબાણમાં લાવી આર્થિક લાભ મેળવવા પાછળથી ખોટો કેસ કરેલ છે જેથી અરજદાર કોઈ દાદ મેળવવા હકકદાર ન હોય તેઓનો રેફરન્સ રદ કરી સંસ્થાને ખર્ચના રૂા.૧૦,૦૦૦/– અરજદાર પાસેથી વસુલ અપાવવા અરજ કરેલ છે.

(૫) અરજદાર તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો.

**મૌખિક પુરાવા**

| અ.નં | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર વિનોદભાઈ લલ્લુભાઈ રૈદાસની એફીડેવીટ | ૩૯ |
| ૨. | સાહેદ વિજયકુમાર શિવરામની એફીડેવીટ | ૪૩ |

**દસ્તાવેજી પુરાવા**

| અ.નં | વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧. | સામાવાળાએ અરજદારને આપેલ ઈ.એસ.આઈ. રીસીપ્ટ | ૪૦/૧ |
| ૨. | સામાવાળાએ અરજદારને આપેલ ઈ.એસ.આઈ. કાર્ડ નંબર રીસીપ્ટની નકલ | ૪૦/૨ |
| ૩. | સામાવાળા સંસ્થામાં તેઓને થયેલ અકસ્માત અનુસંધાને તેઓએ ઈ.એસ.આઈ. જનરલ હોસ્પિટલ બાપુનગર અમદાવાદ ખાતે લીધેલ સારવારના કાર્ડની નકલ | ૪૦/૩ |
| ૪. | સામાવાળાની નોકરી દરમ્યાન ઈ.એસ.આઈ. હોસ્પિટલે આપેલ પ્રમાણપત્રની નકલ | ૪૦/૪ |
| ૫. | સામાવાળા સંસ્થાએ અરજદારને આપેલ ઈ.એસ.આઈ. કાર્ડ | ૪૦/૫ |
| ૬. | સામાવાળા સંસ્થાને અરજદારે તેમના અંગુઠા નિશાનીથી તા. ૩૧/૦૮/૨૦૦૭ ના રોજની તેઓને નોકરીમાં પુનઃસ્થાપિત કરવા મોકલેલ સ્પીડ પો.એ.ડી. નોટીસની નકલ | ૪૦/૬ |
| ૭. | સામાવાળાને તે નોટીસ મોકલેલ સ્પીડ પો.એ.ડી.ની નાણાની રસીદ | ૪૦/૭ |
| ૮. | સામાવાળાને મોકલેલ તે નોટીસ તે સંસ્થાને મળ્યા બાબતની સ્પીડ પો.એ.ડી. ની પાવતી | ૪૦/૮ |

| | | |
|---|---|---|
| ૯. | સરકારી મજુર અધિકારીશ્રીએ તા.૦૧/૧૧/૨૦૦૭ ના રોજ અરજદારને આપેલ જવાબની નકલ | ૪૦/૯ |
| ૧૦. | ફેકટરી ઈન્સ્પેકટરશ્રી જયેશ દેસાઈએ તા.૦૯/૦૧/૨૦૦૮ ના રોજ અરજદારને આપેલ જવાબની નકલ | ૪૦/૧૦ |
| ૧૧. | સામાવાળાને અરજદારે મોકલેલ માંગણાના નિવેદની સ્પીડ પો. એ.ડી. ની નાણાની રસીદ | ૪૦/૧૧ |
| ૧૨. | સામાવાળાને મોકલેલ તે નિવેદનની સ્પીડ પો.એ.ડી. મળ્યા બાબતની પાવતી | ૪૦/૧૨ |
| ૧૩. | અરજદારને ભારત સરકાર તરફથી આપવામાં આવેલ આધારકાર્ડની નકલ | ૫૦/૧ |

(૬) સામાવાળા તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો.

**મૌખિક પુરાવા**

| અ.નં | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સાહેદ અશોકભાઈ વિનુભાઈ પ્રજાપતિની એફીડેવીટ | ૪૭ |

**દસ્તાવેજી પુરાવા**

| અ.નં | વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧. | સંસ્થાએ અરજદારને વકીલ મારફતે આપેલ જવાબ તા. ૦૩/૧૦/૨૦૦૭ | ૪૨/૧ |
| ૨. | જવાબ રજી.એ.ડી. થી કામદારને મોકલેલ જે બજયા વગર પરત આવેલ તે અસલ કવર પોસ્ટ ખાતાની અસલ પહોંચ સાથે | ૪૨/૨ |
| ૩. | સંસ્થાએ ઈ.એસ.આઈ. કોર્પોરેશનમાં રજુ કરેલ ફોર્મ નં.૩ તા. ૧૧/૦૭/૨૦૦૬ | ૪૫/૧ |
| ૪. | સંસ્થાએ ઈ.એસ.આઈ. કોર્પોરેશનમાં રજુ કરેલ ફોર્મ નં.૧૬ (અકસ્માત રિપોર્ટ) તા.૨૧/૦૭/૨૦૦૬ | ૪૫/૨ |
| ૫. | સંસ્થાના પગારપત્રકની નકલ જુલાઈ–૨૦૦૬ | ૪૫/૩ |

**(૭)** આ કામે અરજદાર તરફે આંક–૪૪ થી તથા સામાવાળા સંસ્થા તરફે આંક–૪૯ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. ત્યારબાદ આ કામે બંને પક્ષકારો તરફે મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે. તેમજ અરજદાર તરફે આંક–૫૧ થી તેમની દલીલના સમર્થનમાં વિવિધ નામ.અદાલતના ચુકાદાઓ રજુ કરેલ છે.

**(૮)** ઉપરોકત હકીકતે આ કામના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>– : : મુદ્દાઓ : : –</u>**

(૧) શું આ કામના અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલા છે ?

(૨) શું આ કામના અરજદાર તેઓની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવાની દાદ મેળવવા કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ ?

**(૯)** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) અંશત: હકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયોના મારા કારણો નીચે મુજબના છે.

**<u>–:: કારણો ::–</u>**

**૧૦.૧) <u>મુદ્દા નંબર–૧ :–</u>**આ કામે અરજદાર તરફે રજુ તકરારના સમર્થનમાં મૌખીક દસ્તાવેજી પુરાવા લક્ષમાં લેતા આ તબ્બકે કાયદાની જરુરી જોગવાઈઓનો અત્રે ઉલ્લેખ કરવો જરુરી જણાય છે. જે ઔદ્યોગીક વિવાદ ધારાની જોગવાઈઓ નીચે મુજબ છે.

**<u>કલમ–૨ (૦૦)</u>** 'છટણી' એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

(a) કામદારની સ્વૈચ્છાપુર્વકની નિવૃતિ; અથવા

(b) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેનો રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃતિ વયે પહોંચતા કામદારની નિવૃતિ, અથવા

(bb) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારના કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાયેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિ, અથવા

(c) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ;

**<u>કલમ–૨૫–B (25 – B) સળંગ નોકરીની વ્યાખ્યા.</u>**

આ પ્રકરણના હેતુઓ માટે –

(૧) કોઈ કામદાર, બિમારી અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય એવી હડતાલ અથવા તેની કોઈ કસુરના લીધે ન હોય તેવી તાળાબંધી અથવા કામબંધીને કારણે ખંડિત થાય તેવી નોકરી સહિતની અખંડ નોકરીમાં હોય તો તેટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે એમ કહેવાય ;

(૨) એક વર્ષ અથવા છ મહિના સુધી ખંડ (૧) ના અર્થમાં સળંગ નોકરીમાં ન હોય, ત્યારે તેવા કામદારે, –

(ક) (a) જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાના બાર અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન –

(૧) કોઈ ભુગર્ભમાં કામે રાખેલા કામદારના દાખલામાં, એકસો નેવું દિવસ; અને

(૨) બીજા કોઈ દાખલામાં, બસો ચાલીસ દિવસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યું હોય તો, એક વર્ષની મુદત સુધી;

(ખ) જો તેણે જે તારીખના સંદર્ભમા ગણતરી કરવાની હોય તે તારીખ પહેલા છ અંગ્રેજી મહિનાની મુદત દરમિયાન –

(૧) કોઈ ભુગર્ભ ખાણમાં કામે રાખેલા કામદારના દાખલામાં, પંચાણું દિવસ; અને

(૨) બીજા કોઈ દાખલામાં, એકસો વીસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી,કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યું હોય તો, તે છ મહિનાની મુદત સુધી, સળંગ નોકરીમાં છે એમ ગણાશે.

**કલમ – ૨૫ એફ– કામદારોની છટણીની પૂર્વ શરતો**

કોઈ માલીક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગ માં કામે રાખેલા કામદારની છટણી,

(એ) તે કામદારને છટણીના કારણો દર્શાવતી એક મહીનાની લેખીત નોટીસ આપવા માં આવી ન હોય અને નોટીસની મુદત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસ ને બદલે નોટીસની મુદત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી, પરંતુ

(બી)તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક પુરા વર્ષ માટે અથવા છ મહીના થી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

(સી)સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા સતાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી કરી શકાશે નહીં.

**કલમ–૨૫ જી. છટણી માટેની કાર્યરીતી.**

કોઈ ઔધોગીક સંસ્થામાં, ભારતનો નાગરીક હોય એવા કોઈ કામદારની છટણી કરવાની હોય અને સદરહું સંસ્થામાં તે અમુક વર્ગનો કામદાર હોય, ત્યારે માલીક અને કામદાર વચ્ચે આ માટે કોઈ કબુલાત ન હોય તો સામાન્ય રીતે માલીકે સદરહું વર્ગમાં છેલ્લે કામે રાખ્યો હોય તે કામદારની છટણી કરવી જોઈશે. સિવાય કે માલીકે કારણોની લેખિત નોંધ કરીને કોઈ બીજા કામદારની છટણી કરી હોય.

**કલમ–૨૫ એચ. છટણી કરેલા કામદારોને ફરીથી કામે રાખવા બાબત.**

કોઈ કામદારની છટણી કરવામાં આવી હોય અને માલીક કોઈ વ્યકિતઓને કામે રાખવા માંગે, ત્યારે તેનો, ભારતના નાગરીકો હોય એવા છટણી કરેલા કામદારોને ફરીથી કામે રહેવા માટે ઠરાવવામાં આવે તે રીતે તક આપવી જોઈશે અને એવા છટણી કરેલા કામદારો ફરી કામે રહેવા માંગે તો તેઓને બીજી વ્યકિતઓ કરતા પહેલી પસંદગી આપવી જોઈશે.

૧૦.૨) આ કામે અરજદાર તરફે તેમના આંક–૪ રજુ માંગણા નિવેદનનાં સમર્થનમાં પ્રથમ આંક– ૩૯ થી તેઓની જુબાનીનુ સોગંદનામુ રજુ કરી માંગણા નિવેદનને પુરેપુરૂ સમર્થન આપવા

માં આવેલ છે. વધુમાં આ કામે આંક–૩૯ થી રજુ અરજદારના લેખિત સરતપાસના સોગંદનામા હેઠળ સામાવાળા સંસ્થાના વિ.વ.શ્રી ઘ્વારા કરવામાં આવેલ અગત્યની એવી ઉલટતપાસ વંચાણે લેતા અરજદારના જણાવ્યા મુજબ, તેઓ અમદાવાદમાં ભાર્ગવ રોડ, ભગવતી સ્કુલ, વિધાનગર ખાતે રહે છે. તેમની પાસે આ સરનામાનુ આધારકાર્ડ નથી. તેમના આધારકાર્ડમાં મુળ વતન યુ.પી. નુ સરનામુ છે. તેઓ અમદાવાદ મુકામે હાજર ન હોય તો તેમની ટપાલ પરત જાય. તેઓ અમદાવાદ મુકામે રહેતા હતા તેનો કોઈ આધાર તેમની પાસે નથી. તેઓ અભણ છે. કંપનીમાં કામ કરવા માટે કોઈ ટેકનીકલ નોલેજ મેળવેલ નથી. તેઓએ સૌપ્રથમ સામાવાળા સંસ્થામાં જ નોકરી શરૂ કરેલ હતી. તા. ૧૧/૦૭/૨૦૦૬ પહેલા સામાવાળા સંસ્થામાં કામ કરતા હતા તેવો કોઈ પુરાવો તેમની પાસે નથી. કોઈ પુરાવા આપતા ન હતા. તેમને નોકરીના પુરાવા આપતા નથી તે અંગે સંસ્થાને કોઈ પત્ર લખેલ નથી કે શ્રમ અધિકારીને કોઈ ફરીયાદ પણ કરેલ નથી. તેમને સંસ્થાએ સૌપ્રથમ હેલ્પર તરીકે નિમણુંક આપી હતી. તા.૨૧/૦૭/૨૦૦૬ ના રોજ સંસ્થા માં તેમનો અકસ્માત થયેલ હતો. માટીની ગુણ તેમના પગ ઉપર પડવાથી તેમને જમણા પગે ઈજા થયેલ હતી. તેમની સારવાર બાપુનગર ઈ.એસ.આઈ. હોસ્પિટલમાં કરાવેલ હતી. તેઓ એક મહીનો હોસ્પિટલમાં રહેલ હતા. આ કામે કોઈ ફીટનેશ સર્ટીફીકેટ રજુ કરેલ નથી. ફીટનેશ સર્ટીફીકેટ કંપનીમાં રજુ કરેલ હોય તેનો કોઈ પુરાવો તેમની પાસે નથી. અકસ્માત પછી તેઓ ૨૦ થી ૨૫ વખત સંસ્થામાં ગયેલ હતા. અકસ્માત પછી તેઓએ સંસ્થામાં કામ કરેલ હોય અને સંસ્થાએ પગાર ચુકવેલ હોય તેવો કોઈ પુરાવો તેમની પાસે નથી. તા. ૦૫/૦૮/૨૦૦૬ ના રોજ બાપુનગર હોસ્પિટલમાંથી તેમને રજા આપેલ હતી. તા. ૦૮/૦૮/૨૦૦૬ ના રોજ તેઓ કંપનીમાં ગયેલ હતા. બાકી પગાર માટે કોઈ કેસ કરેલ નથી. તા.૦૫/૦૮/૨૦૦૬ પછી ઈ.એસ.આઈ. હોસ્પિટલમાં ગયેલ હોય તેનો કોઈ પુરાવો તેમની પાસે નથી. તેઓએ સામાવાળા સંસ્થામાં ૨૪૦ દિવસ કામ કરેલ હોય તેવો કોઈ પુરાવો તેમની પાસે નથી. તેમની જુબાનીના સોગંદનામામાં લખેલ હકીકતની તેમને જાણ છે. તેઓ છેલ્લે સંસ્થામાં કયારે ગયેલા તે યાદ નથી. તેમને તા.૧૦/૦૮/૨૦૦૭ ના રોજ છુટા કરેલ હતા. આ કામે સંસ્થાએ રજુ કરેલ જવાબની તેમને ખબર નથી. તેઓ કામ ઉપર

જવા તૈયાર છે. તેઓ આવતા મહીનાની દસ તારીખ પછી કામ ઉપર જશે. તેમના કુટુંબ વાળા ગામમાં રહે છે. કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમની છે. તેમના કુટુંબમાં કમાનાર તેઓ એક જ છે. તેમનો માસિક ઘરખર્ચ કેટલો થાય છે તે તેમને ખબર નથી. તેમની પત્ની સિલાઈ મશીન ચલાવે છે. તેઓ તેમના ભાઈબંધો સાથે રહે છે. તેમને પોસ્ટઓફીસમાં ખાતુ છે.

૧૦.૩) આ કામે અરજદાર તરફે તેમના આંક-૪ રજુ માંગણા નિવેદનનાં સમર્થનમાં પ્રથમ આંક-૪૩ થી સાહેદ વિજયકુમાર શિવરામની જુબાનીનુ સોગંદનામુ રજુ કરી માંગણા નિવેદનને પુરેપુરૂ સમર્થન આપવામાં આવેલ છે. વધુમાં આ કામે આંક-૪૩ થી રજુ અરજદારના સાહેદના લેખિત સરતપાસના સોગંદનામા હેઠળ સામાવાળા સંસ્થાના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ અગત્યની એવી ઉલટતપાસ વંચાણે લેતા સાહેદના જણાવ્યા મુજબ, તેમની જન્મ તા.૧૯/૦૬/૧૯૮૯ છે. તેમની પાસે આધારકાર્ડ છે. તેઓ તેમના વતન ઉત્તરપ્રદેશમાં ધોરણ-૬ સુધી ભણેલ છે. તેઓએ ૨૦ વર્ષની ઉંમરથી નોકરી કરવાનુ ચાલુ કરેલ છે. તેઓએ સૌપ્રથમ તેમના વતનમાં નોકરી શરૂ કરી હતી. તેઓ ૩-૪ વર્ષ પછી અમદાવાદ આવેલ હતા અને તેમને આશરે ૧૪ વર્ષ અમદાવાદમાં થઈ ગયેલ છે. તેઓએ અમદાવાદમાં કઈ કંપનીમાં નોકરી કરેલ તે યાદ નથી. તેઓ કઈ કંપનીમાં નોકરી કરતા હતા તેનુ નામ યાદ નથી. હાલ તેઓ કલર કામ કરે છે. અરજદાર તેમના ગામના છે. અરજદાર તેમની સાથે કલર કામ કરે છે. તેઓએ અરજદાર સાથે કામ કરેલ હોય તેનો કોઈ પુરાવો તેમની પાસે નથી. તેમનો ઈ.એસ.આઈ. તથા પી.એફ. કપાતો ન હતો. અરજદારના ઈ.એસ.આઈ. તથા પી.એફ. કપાતની તેમને કોઈ જાત માહીતી નથી. તેમનો ઈ.એસ.આઈ તથા પી.એફ. કપાતો નથી તે અંગે કોઈ ફરીયાદ કરેલ નથી. અરજદારનો અકસ્માત ૨૦૦૮ માં થયેલ હતો. અરજદારે કયા સારવાર લીધેલી તેની તેમને કાંઈ ખબર નથી. સામાવાળાએ તેમને કોઈ પગાર ચુકવેલ હોય કે અન્ય કોઈ હકક હિસ્સા ચુકવેલ હોય તેનો કોઈ દસ્તાવેજ તેમની પાસે નથી. તેઓ નોકરીમાંથી જાતે છુટા થયેલ હતા. તેઓએ સંસ્થા સામે કોઈ કેસ કરેલ નથી. અરજદારે આ કેસમાં શું માંગેલ છે તેની તેમને ખબર નથી. અરજદાર તથા તેમનુ પરિવાર મોટા ભાગે ઉત્તરપ્રદેશમાં રહે છે.

૧૦.૪) આ કામે સામાવાળા તરફે તેમના આંક–૯ રજુ લેખિત જવાબના સમર્થનમાં પ્રથમ આંક–૪૭ થી તેઓની જુબાનીનુ સોગંદનામુ રજુ કરી લેખિત જવાબને પુરેપુરૂ સમર્થન આપવામાં આવેલ છે. વધુમાં આ કામે આંક–૪૭ થી રજુ સામાવાળાના લેખિત સરતપાસના સોગંદનામા હેઠળ અરજદારના વિ.પ્રતિનિધિશ્રી ધ્વારા કરવામાં આવેલ અગત્યની એવી ઉલટતપાસ વંચાણે લેતા સાહેદના જણાવ્યા મુજબ, હાલ તેઓ ૪૭/૨, મોહનનગર સોસાયટી, નરોડા ખાતે રહે છે.તેઓ સામાવાળા સંસ્થામાં તા.૦૧/૦૧/૨૦૦૭ થી નોકરી માં જોડાયેલ હતા. તેઓ નોકરીમાં મેનેજરના હોદ્દામાં જોડાયેલ હતા. સામાવાળા સંસ્થામાં ફેકટરીનુ મેનેજમેન્ટ તેઓ સંભાળતા હતા. ખરીદ વેચાણની કામગીરી પણ તેઓ કરતા હતા. સામાવાળા સંસ્થામાં સને–૨૦૦૭ પહેલા કોણ કામ કરતુ હતુ તેની તેમને જાત માહીતી નથી. તેઓએ ટી.વાય.બી.કોમ. સુધી અભ્યાસ કરેલ છે. તેમને ગુજરાતી લખતા વાંચતા આવડે છે. અરજદારને તા.૨૧/૦૭/૨૦૦૬ ના રોજ અકસ્માત થયેલ હતો. સંસ્થા ના માલીક વિષ્ણુભાઈ કાળીદાસ પટેલ, ગાંડાલાલ કાળીદાસ પટેલ અને આનંદીબેન વિષ્ણુભાઈ પટેલ છે. સંસ્થામાં કામદારોને રાખવા તથા છુટા કરવાનુ કામ માલીકો કરતા હતા. અરજદારને ગેરહાજરી બાબતેનો કોઈ ખુલાસો પુછેલ નથી કે ખાતાકીય તપાસ કરેલ નથી. પગાર વિષ્ણુભાઈ કરતા હતા. કામદારોની હાજરી હાજરીપત્રકમાં પુરવામાં આવે છે અને પગારપત્રકમાં સહી લઈ પગાર ચુકવવામાં આવે છે. તમામ કામદારોનુ રેકર્ડ સંસ્થામાં રાખવામાં આવે છે. અરજદારે નોકરી કરી કમાણી કરેલ છે તે લગત કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. અરજદાર હંગામી કામદાર તરીકે સંસ્થામાં જોડાયેલા તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આંક–૯ નો જવાબ તેમની સહીથી રજુ થયેલ નથી.તેઓ અરજદારને નોકરીમાં રાખવા તૈયાર છે. અરજદાર જે કામ કરતા હતા તે કામગીરી હાલમાં પણ ચાલુ છે.

૧૦.૫) આ કામે અરજદારના ઉપરોકત પક્ષ નિવેદન, રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની મુલવણી કરતા સામાવાળા સંસ્થા ધ્વારા અરજદારના માંગણાના નિવેદન વિરુધ્ધ લેખીત જવાબ રજુ કરી અરજદારની હકીકતોને પડકારેલ છે. આ કામે સામાવાળા તરફે જે જવાબ રજુ કરવામાં આવેલ છે તે જોતાં આ કામના અરજદાર અને સામાવાળા વચ્ચે નોકર–

માલીકના સંબંધ અંગે કોઈ તકરાર નથી. વધુમાં આ કામના સામાવાળા દ્વારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, અરજદાર સૌપ્રથમવાર તા.૧૧/૦૭/૨૦૦૬ ના રોજ હંગામી ધોરણે હેલ્પર તરીકે નોકરીમાં દાખલ થયેલા અને જુલાઈ–૨૦૦૬ ના માસમાં માત્ર ૯ દિવસ જ હંગામી ધોરણે નોકરી કરેલ છે. દૈનિક રૂા.૯૩/– મુજબ તેમનો રૂા.૮૩૭/– પગાર થતો હતો તેમાંથી ઈ.એસ.આઈ. ના રૂા.૧૫/– ની કપાત કરી રૂા.૮૨૨/– રોકડા તા.૦૮/૦૮/૨૦૦૬ ના રોજથી ચુકવી આપેલ છે. જે તેઓએ કોઈ પણ વાંધા કે તકરાર વગર પગારપત્રકમાં અંગુઠો કરી મેળવી લીધેલ છે. તા.૨૧/૦૭/૨૦૦૬ ના રોજ થયેલ અકસ્માત બાદ નોકરીમાં આવેલ જ નથી. આ કામના અરજદાર દ્વારા ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, તેઓએ સૌપ્રથમ સામાવાળા સંસ્થામાં જ નોકરી શરૂ કરેલ હતી. તેઓ એ વાત પણ કબુલ કરેલ છે કે, તેઓને સંસ્થાએ સૌપ્રથમ હેલ્પર તરીકે નિમણુંક આપી હતી. આ કામના સામાવાળા દ્વારા તા.૨૧/૦૭/૨૦૦૬ ના રોજ થયેલ અકસ્માત બાદ અરજદાર નોકરીમાં આવેલ જ નથી તેવો બચાવ લીધેલ છે. આમ બંને પક્ષ તરફે રજુ થયેલ પુરાવા જોતાં પક્ષકારો વચ્ચે નોકર–માલીકના સંબંધો અંગે કોઈ તકરાર નથી. આ કામે સામાવાળા દ્વારા ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, અરજદારને ગેરહાજરી બાબતેનો કોઈ ખુલાસો પુછેલ નથી કે ખાતાકીય તપાસ કરેલ નથી. જેથી આ કામે અરજદારને કોઈ નોટીસ આપેલ નથી. વધુમાં આ કામના સામાવાળા દ્વારા અરજદારને નોકરી ઉપર હાજર થઈ જવા માટે પત્રો લખેલ નથી કે અરજદાર સામે કોઈ ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી. વધુમાં અરજદારને છુટા કરતી વખતે કાયદેસરના કોઈ હકક, હિસ્સા ચુકવેલ હોય તેવો પણ પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. આમ, અરજદારના મૌખીક પુરાવા મુજબ સામાવાળા સંસ્થા દ્વારા અરજદારને તા.૧૦/૦૮/૨૦૦૭ ના રોજ નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરી આઈ.ડી.એકટની કલમ–૨૫(એફ) નો ભંગ કરેલ હોવાનુ પુરવાર થતુ હોય મુદ્દા નં.૧ નો જવાબ **હકાર**માં ઠરાવવામાં આવે છે.

**(૧૧) <u>મુદ્દા નં.૨</u>**

ત્યારબાદ હવે આ કામના અરજદારે આઈ.ડી.એકટની કલમ–૨૫(બી)(૧)મુજબ અતુટ રીતે સળંગ નોકરી કરેલ છે કે કેમ અથવા તો કલમ–૨૫(બી)(૨)મુજબ નોકરીમાંથી

છુટા કર્યાના અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ ઉપરાંતની સળંગ નોકરી કરેલ છે કે કેમ તે હકીકત જોવાની રહે છે.

આ કામના અરજદારના કથન મુજબ તેઓ સામાવાળા સંસ્થામાં ૫ વર્ષથી વધુ સમય સુધી કાયમી કામદાર તરીકે ભઠ્ઠી ખાતામાં કપોલા ભઠ્ઠી ઉપર હેલ્પર તરીકે દૈનિક રૂા. ૬૦/– લેખેના હિસાબે ગણી માસિક પગાર મેળવી દર વર્ષે ૨૪૦ દિવસોથી વધુ દિવસો કામગીરી કરી તેમની નોકરીની ફરજો ખૂબ જ ખંત, નિષ્ઠા, વફાદારીપૂર્વક બજાવેલ છે. તેમજ સામાવાળા પાસેથી તેઓએ કરેલ ઓવરટાઈમ કામનો પગાર, મળવાપાત્ર કાયદેસર ની રજાઓ, બોનસ, અઠવાડીક રજાઓના દિવસો દરમ્યાન કરેલ કામનો પગાર તથા અન્ય હકક અધિકારો તથા તે અન્વયેની લેણી રકમની વારંવાર વધુ માંગણીઓ કરતા સામાવાળા સંસ્થામાં તેઓને તા.૨૧/૦૭/૨૦૦૬ ના રોજ થયેલ અકસ્માતથી આવેલ ઈજાઓની દવા અને સારવાર અંગે થયેલ ખર્ચના નાણાની વારંવાર વધુ માંગણીઓ કરતા સામાવાળા તેમના ઉપર એકાએક ઉશ્કેરાઈ ગયેલ અને તેઓને અગાઉથી કોઈ લેખિત નોટીસ, નોટીસ પગાર કે હકકો અધિકારોની લેણી થતી રકમ આપ્યા વગર કે તેમની વિરૂધ્ધ કોઈ ઈન્કવાયરી કર્યા વગર કે કોઈ પણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી કર્યા વગર તા.૧૦/૦૮/૨૦૦૭ ના રોજથી માત્ર મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ છે. જયારે સામાવાળાએ આ કામમાં એવો બચાવ લીધેલ છે કે, અરજદાર સૌપ્રથમવાર તા. ૧૧/૦૭/૨૦૦૬ ના રોજ હંગામી ધોરણે હેલ્પર તરીકે નોકરીમાં દાખલ થયેલા અને જુલાઈ–૨૦૦૬ ના માસમાં માત્ર ૯ દિવસ જ હંગામી ધોરણે નોકરી કરેલ છે. દૈનિક રૂા.૯૩ મુજબ તેમનો રૂા.૮૩૭/– પગાર થતો હતો તેમાંથી ઈ.એસ.આઈ. ના રૂા.૧૫/– ની કપાત કરી રૂા.૮૨૨/– રોકડા તા.૦૮/૦૮/૨૦૦૬ ના રોજથી ચુકવી આપેલ છે. જે તેઓ એ કોઈ પણ વાંધા કે તકરાર વગર પગારપત્રકમાં અંગુઠો કરી મેળવી લીધેલ છે. તા. ૨૧/૦૭/૨૦૦૬ ના રોજ થયેલ અકસ્માત બાદ નોકરીમાં આવેલ જ નથી. વધુમાં અરજદારે રજુ કરેલ સોગંદનામામાં તેઓને છુટા કર્યા તે અગાઉ સળંગ કામગીરી કરતા હોવા નું કથન કરેલ છે અને ગેરકાયદેસર રીતે તા.૧૦/૦૮/૨૦૦૭ ના રોજ છુટા કરેલ તેવું જણાવેલ છે. આ કામના સામાવાળા ધ્વારા અરજદારની જે ઉલટતપાસ કરેલ છે તે ધ્યાને

લેતા અરજદાર તેમના કામદાર હોવાની હકીકત સાબીત થાય છે. આ ઉપરાંત સામાવાળા ધ્વારા તેમના જવાબમાં પણ કબુલ કરેલ છે કે અરજદાર સૌપ્રથમ વાર તા.૧૧/૭/૨૦૦૬ ના રોજ હંગામી ધોરણે હેલ્પર તરીકે નોકરીમાં દાખલ થયેલ હતા. તેમજ સામાવાળા ધ્વારા ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે અરજદારને ગેરહાજરી બાબતેનો કોઈ ખુલાસો પુછેલ નથી કે ખાતાકીય તપાસ કરેલ નથી. વધુમાં અરજદારને કોઈ નોટીસ આપેલ નથી કે ખાતાકીય તપાસ પણ કરેલ નથી તે આધારે અરજદારને છુટા કર્યા તા.૧૦/૦૮/૨૦૦૭ ના અગાઉ વર્ષ સુધી કલમ ૨૫(બી)(૧) ની જોગવાઈ મુજબ સળંગ નોકરી કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

**૧૧.૧)** ત્યારબાદ હવે આ કામના અરજદારે આઈ.ડી.એકટની કલમ–૨૫(બી)(૧) મુજબ અતુટ રીતે સળંગ નોકરી કરેલ છે કે કેમ અથવા તો કલમ–૨૫(બી)(૨) મુજબ નોકરીમાંથી છુટા કર્યાના અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ ઉપરાંતની સળંગ નોકરી કરેલ છે કે કેમ તે હકીકત જોવાની રહે છે. આ કામના અરજદારના કથન મુજબ તેઓ સામાવાળા સંસ્થામાં ફરજ બજવતા આવેલા હતાં અને તેઓને તા.૧૦/૦૮/૨૦૦૭ ના રોજ ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હતાં.

**૧૧.૨)** આ કામે અરજદારે કામ મેળવવા કોઈ લેખીતમાં અરજી કરેલ હોય તે લગત કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. તેમજ અરજદાર તેમની ઉલટતપાસમાં એ વાત કબુલ કરે છે કે, તેમની પત્ની સિલાઈ મશીન ચલાવે છે. તેમજ અરજદારના સાહેદ તેમની ઉલટતપાસમાં એ વાત કબુલ કરે છે કે, અરજદાર તેમની સાથે કલર કામ કરે છે. વધુમા સામાવાળા સંસ્થા ધ્વારા અરજદારને નોકરીમાંથી છુટા કરતા પહેલા કોઈ નોટીસ કે નોટીસ પગાર આપવામાં આવેલ હોય, તેમજ અરજદાર સામે કોઈ ખાતાકીય તપાસ કરી અરજદારને બચાવની કોઈ તક આપવામા આવેલ ન હોય, અરજદારને સામાવાળા સંસ્થામાંથી છુટા કરવાનુ સંસ્થાનુ કૃત્ય રદ બાતલ ઠરાવવામાં આવે છે.

**૧૧.૩)** ઉપરોકત હકીકતો ઘ્યાને લેતા, આ કામે સામાવાળા સંસ્થા ધ્વારા આ કામના અરજદારને આઈ.ડી.એકટની કલમ: ૨૫(એફ) નો ભંગ કરીને છુટા કરેલ હોવાનું સ્પષ્ટપણે સાબિત થાય છે. જે તમામ હકિકત લક્ષમાં લેતા આ કામના સામાવાળા સંસ્થાએ અરજદારને

મૌખિક હુકમથી છુટા કરતા પહેલા આઈ.ડી.એકટની કલમ: ૨૫(એફ)(જી)(એચ) ની જોગવાઈઓનું પાલન કરેલ નથી. જેથી ઉપરોકત તમામ ચર્ચા ઘ્યાને લેતા, આ કામના અરજદારને છુટા કરવાનું સામાવાળા સંસ્થાનું કૃત્ય આથી ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

**૧૧.૪)** વધુમાં આ કામે કામદારને તેમની નોકરીમાંથી છુટા કરવાનું સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસરનું ઠરાવેલ છે, ત્યારે કામદાર તેમની નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર છે કે કેમ? તે બાબતે કામદારની ઉંમર, તેમની કામગીરીનો પ્રકાર તેમજ હાલનો કેસ ફેંસલ થવા પસાર થયેલ સમયગાળો ઘ્યાને રાખી, નામ. ગુજરાત હાઈકોર્ટના હુકમો જેવા કે સિંગલ ટેક્ષટાઈલ્સ વિ. રસૂલભાઈ અબ્દુલભાઈ, સ્પે.સી.એ. નં. ૪૩૫૭/૨૦૧૨ તથા શીવજન્મસિંઘ એન્ડ કુશ્વાહા વિ. જનરલ મેનેજર એલ.પી.એ. નં. ૧૪૭૪/૨૦૧૨ તેમજ સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસ વિ. બી.ડી.ચૌહાણ, સ્પે.સી.એ.નં.૧૦૮૬૫/૨૦૧૨ ના હુકમો વંચાણે લેતાં આ કામના અરજદારને તેમની નોકરીની મૂળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાને બદલે ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે લમસમ રકમ રુા.૫૦,૦૦૦/- (અંકે રુપીયા પચાસ હજાર પુરા) વળતર આપવાનો હુકમ કરવો ન્યાયોચીત જણાય છે. જેથી ઉપરોકત ચર્ચાના અંતે **મુદ્દા નં.૨** નો જવાબ **'અંશત:હકાર' માં** ઠરાવી, **મુદ્દા નં.૩** પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>-:: આ ખ રી હુ ક મ ::-</u>

**(૧)** અરજદાર/કામદાર: વિનોદભાઈ લલ્લુભાઈ રૈદાસનો હાલનો રેફરન્સ (ટી) કેસ નં.૨૬૦/ ૨૦૦૮ આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

**(૨)** આ કામના અરજદાર/કામદાર વિનોદભાઈ લલ્લુભાઈ રૈદાસને નોકરીમાંથી છુટા કરવાનુ સામાવાળા સંસ્થાનુ પગલું ગેરકાયદેસરનું ઠરાવવામાં આવે છે.

ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આ કામનાં અરજદાર/કામદારને ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે લમસમ વળતર રુા.૫૦,૦૦૦/- (અંકે રુપીયા પચાસ હજાર પુરા) આ કામના સામાવાળા સંસ્થા આ એવોર્ડ પ્રસિઘ્ધ થયેથી દિવસ-૩૦ મા અરજદાર

/કામદારને ચુકવી આપવા તેવો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) હાલના રેફરન્સ ખર્ચના રૂા.૧,૦૦૦/– પ્રથમ પક્ષકારે કામદારને ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

અમદાવાદ
તા.૧૧/૦૪/૨૦૨૫.

**(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ)**
**ન્યાયાધીશ(એસ.ડી)**
**મજુર અદાલત નં.૪,અમદાવાદ**
**(જીજે.૦૧૦૪૫)**